વિદેશ અભ્યાસ લોન યોજનામાં લોન આપવા
માટેના ધોરણો નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/૮૭૨૬૪૦/અ.
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૪ /૫/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૨૦૦૦/ન.બા.૧/અ, તા.૩/૧૨/૨૦૦૧.

(૨) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૨૦૦૫/ન.બા.૬/અ, તા.૨૩/૩/૨૦૦૭.

(૩) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૦૭/૧૬૩૬/અ, તા.૩/૧૧/૨૦૦૯

(૪) સા.ન્યા.અને અ.વિ.ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/૮૭૨૬૪૦/અ, તા.૧/૮/૨૦૧૪.

(૫) નિયામકશ્રી વિકસતિ જાતિ કલયાણ ખાતાનો તા.૧૧/૮/૨૦૧૫ ના પત્રક્રમાંકઃ વિજાક/શિક્ષણ/વિદેશ અભ્યાસ/૨૦૧૫-૧૬/૨૬૩૦.

ઠરાવઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓ નબળી આર્થિક પરિસ્થિતિ ના કારણે તેજસ્વી કારકીર્દી ધરાવતા હોવા છતાં ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જઇ શકતા નથી .આથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદેશમાં અભ્યાસ કરવા ઉત્સુક વિદ્યાર્થીઓને તે માટે લોન આપવાની રાજય સરકારની યોજના વંચાણમાં લીધેલ ક્રમાંક(૧) માં દર્શાવેલ વિભાગના તા.૩/૧૨/૨૦૦૧ના ઠરાવથી અમલમાં છે. વંચાણમાં લીધેલ ક્રમાંક(૪) માં દર્શાવેલ વિભાગના તા.૧/૮/૨૦૧૪ના ઠરાવથી લોન રૂ.૧૦.૦૦ લાખથી વધારી રૂ.૧૫.૦૦ લાખ કરવામાં આવેલ છે. ક્રમાંકઃ(૫) માં દર્શાવેલ નિયામકશ્રી (વિ.જા) ના પત્રથી લોન યોજના ના ધોરણોમાં સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવી હતી, જે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાના અમલીકરણ માટે નીચે જણાવ્યા મુજબ વધારાની શરતો ઉમેરવામાં આવે છે.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના કિસ્સામાં લાભાર્થી/વિદ્યાર્થીના કુટુંબના બધા સ્ત્રોતમાંથી મળી વાર્ષિક આવક રૂ.૧૦.૦૦ લાખ કે તેથી વધારે ન હોવાનું ઠરાવવામાં આવે છે.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કિસ્સામાં ધોરણ-૧૨ ના આધારે સ્નાતક (graduate) ના અભ્યાસ માટે વિદેશ જનારાઓ માટે ધોરણ-૧૨માં ૬૫ ટકા નું ધોરણ અને તે પૈકી અતિ પછાત, વધુ પછાત, વિચરતિ અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓના કિસ્સામાં ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ હશે તેમને જ લોન મળવાપાત્ર રહેશે.

નિયામક વિકસતી જાતિ
કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર
30 MAY 2016
શાખા.........
દફતર નં. ......

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સ્નાતક કક્ષાના અભ્યાસના આધારે અનુસ્નાતક કક્ષાના (Post graduate) અભ્યાસ માટે વિદેશ જતા લાભાર્થીઓના કિસ્સાઓમાં સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૬૦ % અને તે પૈકી અતિ પછાત, વધુ પછાત, વિચરતિ અને વિમુકત જાતિના લાભાર્થી વિદ્યાર્થીઓના કિસ્સામાં સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૦% ગુણ હશે તેમને જ લોન મળવાપાત્ર રહેશે.

(૪) અભ્યાસક્રમના જેટલા વર્ષ હોય એટલા સરખા ભાગે લોનની કુલ રકમના હપ્તા કરવાના રહેશે તેમજ બીજો/ત્રીજો હપ્તો ચૂકવતા પહેલાં વિદ્યાર્થીઓના અભ્યાસ/પ્રગતિ અહેવાલ મંગાવીને ચકાસી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કિસ્સામાં અન્ય બાબતો સરખી હોય તો અતિ પછાત, વધુ પછાત, વિચરતિ અને વિમુકત જાતિના તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઓછી આવક ધરાવનાર લાભાર્થીને લોન મંજૂરીમાં અગ્રિમતા આપવાની રહેશે.

(૬) આ ઠરાવનો અમલ ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

(૭) આ યોજના અન્વયેના વિભાગના વંચાણે લીધેલા ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૫/૨૦૧૬ની નોંધમાં મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિજા) (નિયામક, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- નાણાકીય સલાહકારશ્રી,(સા.ન્યા) , નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ